જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૦૭/૨૦૧૮ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૪૧/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૯ કેસ કરી, ૧૭ વ્યક્તિઓને ઝડપી, ૧૪૩ લીટર દેશી દારૂ, ૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧ રિક્ષા અને ૧ સ્કૂટર કબજે કર્યું હતુ.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૪૨/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૩૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## સોનાનો દોરો ખેચી લઈ ગયાઃ- સમાચાર યાદી નં.૧૩૪૩/૧૮

**રિવરફ્રંટ ઈસ્ટઃ** જીગ્નાબહેન વા/ઓ જીતેન્દ્રભાઇ પંચાલ (ઉ.વ.૩૩) (રહે. ઉમા ટેર્નામેન્ટ ચાંદલોડીયા જગતપુર) તા.૧૪/૭/૧૮ કલાક ૯/૩૦ વાગ્યાના સુમારે રીવરફ્રન્ટ રોડ સુભાષબ્રીજ નીચે અમુલપાર્લર પાસે સ્વામીનારાયણ મંદીર પાછળથી પસાર થઈ પસાર થઈ રહ્યા હતા ત્યારે નંબર પ્લેટ વગરની પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ જેગ્નાબહેનના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૨૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ જીગ્નાબહેન પંચાલે રિવરફ્રંટ ઈસ્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જી.એચ.પઠાણ ચલાવે છે.

## ત્રીજા માળેથી પડી જતા મૃત્યુઃ- સમાચાર યાદી નં.૧૩૪૪/૧૮

**ચાંદખેડાઃ** ચાંદખેડા આમ્રકુંજ ગ્રેસીયા ટી.પી-૪૪ ખાતે રહેતા અને ત્યાં જ કામ કરતા રાજીવકુમાર સ/ઓ રાજેસિંગ સિંઘ (ઉ.વ.૨૨) તા.૧૪/૭/૧૮ સવારના ૧૦/૧૫ વાગ્યાના સુમારે ત્રીજા માળે લાકડાની પ્લાય કાઢતી વખતે પગ લપસી જતા પડી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રભાઇ ભગવાનરાવ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૩૪૫/૧૮**

**સરદારનગરઃ** વર્ષાબહેન કૈલાશભાઈ અંબોલી (ઉ.વ.૧૭) (રહે.સુમીતપાર્ક સોસાયટી નોબલનગર) એ અગમ્ય કારણસર તા.૧૪/૭/૧૮ રાતના ૧૧/00 વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જી.ધિલ્લોન ચલાવે છે.

**બાપુનગરઃ** પાર્વતીબહેન વા/ઓ રમેશભાઈ કુહીકર (ઉ.વ.૪૦) (રહે. ઉમંગ ફલેટ બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૧૨/૭/૧૮ કલાક ૧૧/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.કે.સુતરીયા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.